# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- વરસાદને કારણે અસરગ્રસ્ત 14 જીલ્લાના લોકોને અત્યાર સુધીમાં આઠ કરોડ કરતાં વધુની સહાય ચૂકવાઇ..
- રાજ્યભરમાં આજથી વરસાદનું જોર ઘટ્યું... 106 તાલુકામાં મધ્યમથી સામાન્ય વરસાદ..
- કર્મચારી પેન્શન યોજના-EPSના પેન્શનધારકો 1 જાન્યુઆરી, 2025થી દેશની કોઇપણ બેન્કમાંથી પેન્શન મેળવી શકશે. દેશના 78 લાખથી વધુ પેન્શનધારકોને લાભ મળશે..
- અત્યાધુનિક મોનિટરિંગ સિસ્ટમ દ્વારા સાસણ ગીરમાં સિંહ અને વન્યજીવોનું સંરક્ષણ.. વધુ ઝડપે જતાં વાહનોને એલર્ટ સંદેશ મળશે...
- આવતીકાલે શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને રાજ્યપાલના હસ્તે એવોર્ડ એનાયત થશે..

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## AALOK PANDE- RAIN NUKSAN STITHI

રાજ્યમાં ગયા અઠવાડિયે પડેલા અતિભારે વરસાદને કારણે અસરગ્રસ્ત 14 જિલ્લામાં એક લાખ 69 હજાર લોકોને અત્યાર સુધી 8 કરોડ રૂપિયાથી વધુની રોકડ સહાય ચૂકવવામાં આવી છે. આજે એક પત્રકાર પરિષદમાં રાહત કમિશનર આલોક પાંડેએ જણાવ્યું કે,

**(બાઇટ- આલોક પાંડે-રાહત કમિશ્નર)**

તેમણે જણાવ્યું કે, વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧ હજાર ૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઘરવખરી અને કપડા સહાય માટે અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ પરિવારોને 20 કરોડ રૂપિયાથી વધુ રકમ ચૂકવાઈ છે.

## WEATHER+ AAGAHI

રાજ્યમાં છેલ્લા કેટલાંય દિવસોથી પડી રહેલા ધોધમાર વરસાદ બાદ આજે વરસાદનું જોર ઘટ્યું છે.. આજે સાંજના છ વાગ્યા સુધીમાં 106 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વધુ વરસાદ વરસ્યો છે.. દિવસ દરમિયાન પાટણના સાંતલપુર અને રાધનપુરમાં બે ઇંચ વરસાદ વરસ્યો હતો..

બીજી તરફ, હવામાન વિભાગે આવતા પાંચ દિવસ સુધી રાજ્યમાં વરસાદનું જોર ઘટશે તેવી શક્યતા દર્શાવી છે. આવતીકાલે બનાસકાંઠા અને પાટણમાં ભારે વરસાદ પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે અન્ય વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કર્યું છે..

શુક્રવારે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત તેમજ મોરબી અને કચ્છમાં ક્યાંક છૂટોછવાયો તો ક્યાંક ભારે વરસાદ વરસી શકે છે.

## RAIN + KAMGIRI

કચ્છ જિલ્લામાં ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓના રિપેરિંગ અને પુનઃ સ્થાપિત કરવા માટે ભુજ નગરપાલિકા દ્વારા જેસીબી, ટ્રેક્ટર સહિતના સાધનોથી રાત- દિવસ કામગીરી કરાઇ રહી છે. કચ્છ જીલ્લામાં હાલ ભારે વરસાદ વરસી રહ્યો છે.

ભરુચ જિલ્લામાં ભારે વરસાદના કારણે માર્ગ અને મકાન વિભાગ અને  જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ ઓવરટોપીંગ અને તકેદારીના ભાગરૂપે બંધ કરાયા છે. આ ઉપરાંત, કાદવ- કીચડના કારણે રોગચાળો ફેલાય નહીં તે માટે ભરૂચ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. ભરૂચ ગોલ્ડન બ્રીજ પર નર્મદા નદીની સપાટી 20 ફૂટે પહોંચી છે, જેની ભયજનક સપાટી 24 ફૂટ છે, જેથી વહીવટીતંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે નદીકાંઠાના ગામોને સાવચેત કરાયા છે.

ખેડા જિલ્લામાં વરસાદ અને પૂરની સ્થિતિને લઈને થયેલા નુકસાનના સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત બચાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સહાય વિતરણ કરવાનું ચાલુ કરવામાં આવેલ છે. તો આરોગ્ય વિભાગ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યા છે.

તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં પડેલ ભારે વરસાદને પગલે પૂરથી અસરગ્રસ્ત લોકોનુ રેસ્ક્યુ ટીમ દ્વારા બચાવ કામગીરી હાથ

ધરવામાં આવી છે..સાંસદ પ્રભુ વસાવાએ વહિવટી તંત્રના અધિકારીઓ સાથે ગામની મુલાકાત લઈ નુકશાની અંગે સમીક્ષા કરી હતી.

છોટા ઉદેપુર જીલ્લામાં એમજીવીસીએલ દ્વારા ૨૮ હજારથી વધુ ટ્રાન્સફોર્મર થકી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે.

# CPPS-PENSION

કર્મચારી પેન્શન યોજના-EPSના પેન્શનધારકો 1 જાન્યુઆરી, 2025થી દેશની કોઇ પણ બેન્કમાંથી પેન્શન મેળવી શકશે. આનાથી કર્મચારી ભવિષ્ય નિધી- ઇપીએફઓના 78 લાખથી વધુ પેન્શનધારકોને લાભ થશે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, કેન્દ્રીયકૃત પેન્શન ચૂકવણી વ્યવસ્થાને મંજૂરી એ ઇપીએફઓનાં આધુનિકીકરણમાં મહત્વનું સીમાચિહ્ન છે.

તેમણે જણાવ્યું કે, દેશની કોઇપણ બેન્ક શાખામાંથી પેન્શનની ચૂકવણીથી પેન્શનધારકોની વર્ષો જૂની સમસ્યાનો અંત આવશે. પેન્શનધારકે પેન્શન શરૂ થતા સમયે વેરિફિકેશન માટે બેન્કની શાખા પર જવાની જરૂર નથી અને તાત્કાલિક ખાતામાં પેન્શન જમા થઈ શકે.

# GIR- MONITARINS SYSTEM

જૂનાગઢના સાસણ નજીક પ્રાણીઓ અને એમાં પણ ખાસ કરીને સિંહોને માર્ગ અકસ્માતોથી બચાવવા વન વિભાગે ખાસ વ્યવસ્થા કરી છે.. જેમાં જ્યારે કોઈપણ પ્રાણીની દેખાય ત્યારે રિયલ ટાઈમમાં ઇલેક્ટ્રોનિક

બોર્ડ પર 'વાઇલ્ડ લાઇફ અહેડ' જેવા સંદેશાઓ દેખાય છે. આ અંગે વધુ માહિતી જૂનાગઢના મુખ્ય વનસંરક્ષક આરાધના સાહુએ આપી..

**(બાઈટ- આરાધના સાહુ, મુખ્ય વન સંરક્ષક, જૂનાગઢ)**

# GUJ. TEACHE'S DAY

શિક્ષકોના જ્ઞાન અને કાર્યની ઉજવણીને બિરદાવતો દિવસ એટલે શિક્ષક દિવસ.. દર વર્ષે પાંચ સપ્ટેમ્બરે સર્વોપલ્લી રાધાકૃષ્ણન્ ના જન્મદિવસે શિક્ષક દિન તરીકે ઉજવાય છે. આવતીકાલે શિક્ષક દિન નિમિત્તે અમદાવાદના ટાગોર હોલ ખાતે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે પારિતોષિક એનાયત કરવામાં આવશે.

કચ્છના માધાપર ગામની એમ.એસ.વી હાઇસ્કૂલના વ્યાયામ શિક્ષક ડૉ. દિનેશ ડાકીનો સમાવેશ થાય છે.. રાજ્ય સરકાર દ્વારા તેમના કાર્યની પસંદગી કરાઇ છે, તે માટે તેમણે ખુશી વ્યક્ત કરી છે.

**(બાઇટ ડૉ. દિનેશ ડાકી, પારિતોષિક વિજેતા શિક્ષક, કચ્છ)**

આ ઉપરાંત, મહેસાણા જિલ્લાના બાલસાસન પ્રાથમિક શાળાના ઉપશિક્ષિકા દીપ્તિબેન જોશીને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરાશે.

અમદાવાદ શહેરના માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્ય શ્રીમતી લીલાબેન ચૌધરીને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડથી નવાજાશે..

વડોદરાની વાંકળ માધ્યમિક શાળાના ડૉ. નિતેશ ઠાકરને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરાશે. તેમણે બાયસેગ શૈક્ષણિક ટીવી પ્રોગ્રામ અને રેડિયોમાં કેટલાય પ્રોગ્રામ્સ આપ્યા છે.

પંચમહાલના કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળાના શિક્ષક દિનેશ કુમાર પ્રજાપતિને રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ આપવામાં આવશે.

## NATIONAL TEACHER'S AWARD

વર્ષ 2024 ના રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર માટે રાજ્યમાંથી બે શિક્ષકોને પસંદગી થઈ છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા આવતીકાલે દેશના જુદા જુદા રાજ્યના 50 જેટલા શિક્ષકોને શિક્ષણ ક્ષેત્રે આપેલા પ્રદાન બદલ રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરાશે. નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આ સમારોહ યોજાશે.

રાજ્યના અમરેલી જિલ્લાના બાઢડપરા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક ચંદ્રેશકુમાર બોરીસાગર તેમજ આણંદ જિલ્લાના વડદલા ગામની હાઇસ્કૂલના શિક્ષક વિનય પટેલની આ પુરસ્કાર માટે પસંદગી થઈ છે.

## POSHAN PURASKAR

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને મુંબઈમાં પોષણ ટ્રેકર પહેલ માટે ઈ-ગવર્નન્સ- 2024 માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરાયો છે. આ પુરસ્કાર પોષણ ટ્રેકર પહેલને સરકારી પ્રક્રિયા પુનર્રચના અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માટે આપવામાં આવ્યો છે. પોષણ ટ્રેકર બાળકોને સારુ સ્વાસ્થય મળે અને મૂલ્યાંકન સાથે તેમનામાં ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થાય તે પ્રમાણિત કરે છે.

મિશન પોષણ 2.0 WHO ગ્રોથ ચાર્ટ દ્વારા સમય જતાં બાળકની વૃદ્ધિ પેટર્નને ટ્રેક કરવામાં મદદ કરે છે..

## SAMVATSARI EXPRESS TRAIN

પશ્ચિમ રેલવેએ પાલિતાણાથી બાન્દ્રા સુધીની “સંવત્સરી એક્સપ્રેસ ટ્રેન”નું બુકિંગ આજથી શરૂ કર્યું છે. આ ટ્રેન છ સપ્ટેમ્બરે બાન્દ્રાથી ઉપડશે અને બીજા દિવસે પાલિતાણા પહોંચશે, જ્યારે આઠમી સપ્ટેમ્બરે પાલિતાણાથી સાંજે છ વાગ્યે ઉપડીને બીજા દિવસે સવારે બાન્દ્રા પહોંચશે.. આ ટ્રેન બોટાદ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ અને વડોદરા તેમજ સુરત અને વાપી સહિતના સ્ટેશન ઉપર ઉભી રહેશે..

## TRAIN CANCELLED

નોન ઈન્ટરલોકીંગ કાર્યને કારણે અમદાવાદ- હઝરત નિઝામુદ્દીન ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ રદ રહેશે.. ઉત્તર રેલ્વેના દિલ્હી મંડળના પલવલ સ્ટેશન પર નોન ઈન્ટરલોકીંગ કાર્ય હેતુ સૂચિત બ્લોકને કારણે અમદાવાદ હઝરત નિઝામુદ્દીન ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ રદ રહેશે.

## S. NAGAR- MAHAVIR SVAMI

સુરેન્દ્રનગરમાં પર્યુષણ પર્વના પાંચમાં દિવસે ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી..જૈન સમાજના શ્રાવક અને શ્રાવિકાઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

## Central University

ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ભાવના પાઠકને નવી દિલ્હીની સમાજમાં વાતાવરણમાં બદલાવ અને ટકાઉ પર્યાવરણ માટે મહિલા વૈજ્ઞાનિક

પુરસ્કારથી સન્માનિત કરાયા છે. આબોહવા વિજ્ઞાન અને પર્યાવરણીય સ્થિરતાના ક્ષેત્રમાં તેમના યોગદાન માટે તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

કેન્દ્રીય કૃષિ વનસંવર્ધન સંશોધન સંસ્થા દ્વારા તાજેતરમાં ઝાંસીમાં યોજાયેલી બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ દરમિયાન આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

# BJP SADSYTA ABHIYAN

રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાનની શરૂઆત થઈ છે.

પાટણ સાંસદ ભરતસિંહ ડાભીએ જણાવ્યું કે, જિલ્લામાં ત્રણ લાખ નવા સભ્યની નોંધણી કરવાનું લક્ષ્યાંક રખાયું છે.

સાબરકાંઠામાં ચાર લાખ પ્રાથમિક સદસ્યો બનાવવાનો ઉદ્દેશ જિલ્લા સંગઠન દ્વારા નક્કી કરાયો છે.

દાહોદ કમલમ ખાતે જિલ્લા અધ્યક્ષ શંકર આમલિયારની ઉપસ્થિતિમાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર, રાજ્યમંત્રી બચુભાઇ ખાબડ, જિલ્લા પંચાયતના પ્રમુખ કરણસિંહ ડામોરને પ્રાથમિક સદસ્ય બનાવવામાં આવ્યા..

નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળામાં જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઇ..

રાજકોટ શહેર ભાજપ કાર્યાલય ખાતે સાંસદ પરસોતમ રૂપાલાએ સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

પંચમહાલ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા કક્ષાએ સદસ્યતા અભિયાન કાર્યક્રમનો આરંભ થયો છે. જે અંતર્ગત, હોદ્દેદારોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું..

ડાંગ જીલ્લાના આહવા ખાતે જિલ્લા સંગઠન પ્રભારી રાજેશ દેસાઈ દ્વારા વધુ સદસ્ય કેવી રીતે બનાવી શકાય તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું..

મોરબી જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેગી સહિત સામાન્ય નાગરિકથી લઇ સાંસદ, ધારાસભ્ય, પદાધિકારીઓ, કાર્યકરો દ્વારા સદસ્યતા અભિયાન અંતર્ગત નોંધણી કરાઇ..